જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૧૦/૨૦૧૮ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૦૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૨૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩ બિયર ટીન, ૨ કાર, ૧ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૧૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૦૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૧૦૨/૧૮

**વસ્ત્રાપુરઃ** ઈન્દિરાબહેન સુરેશભાઇ ગુપ્તા (ઉ.વ.૬૧)(રહે.કૃપાવિધી એપાર્ટમેન્ટ, જય અંબેનગરની બાજુમા થલતેજ) એ તા.૨૬/૧૦/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જુલાઇ/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઇન્દિરાબહેને મકાન પેટે રૂપિયા ૧૦,૬૫,૦૦૦/- આરોપી તુષાર સુરેશ નૈયર તથા નિરૂ સુરેશ નૈયર (બંને રહે. નવજ્યોત એપાર્ટમેંટ, સારથી બંગલાની સામે સુભાષચોક મેમનગર) ને આપેલ હતા. જે રૂપિયા આજદિન સુધી પરત નહી કરી, તેમજ આરોપીઓએ આપેલ ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવી ઇન્દિરાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જેસીગભાઇ ચલાવે છે.

**રામોલઃ** મિનાક્ષીબહેન વા/ઓ પ્રમોદકુમાર રોય (ઉ.વ.૫૫)(રહે.જૈમિનપાર્ક સોસાયટી સિંધવાઇ માતાજીના મંદીર પાસે સીટીએમ રામોલ) એ તા.૨૬/૧૦/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૦/૧૮ ના ક્લાક ૬/૦૦ વાગ્યાના સુમારે ઉમેશકુમાર નામની કોઇ અજાણી વ્યક્તિએ ઇન્ટરનેટના માધ્યમ થી ચાલતી શાહી ડોટ્કોમ નામની વેબસાઇટ માં પોતાની ખોટી ઓળખ ઉભી કરી, મિનાક્ષીબહેનની દિકરી સાથે લગ્ન કરવાનું જણાવી “લંડન થી દિલ્હી આવેલ છુ મને કસ્ટમ ડ્યુટી ભરવાની છે” તેમ જણાવી મિનાક્ષીબહેનને વિશ્વાસમા લઇ, તેમની પાસેથી રોક્ડ રૂપિયા ૭૬,૨૦૦/- મેળવી લઇ, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.કોટવાલ ચલાવે છે.

**પર્સ ખેચી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૩/૧૮**

**નવરંગપુરાઃ** સુનીતાબહેન વા/ઓ પ્રજ્ઞેશભાઇ ગાંધી (ઉ.વ.૪૫)(રહે.નંદીતા એપાર્ટમેન્ટ ડી.કે.પટેલ હોલની બાજુમાં નારણપુરા) તા.૨૬/૧૦/૨૦૧૮ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સરદાર પટેલ સેવા સમાજ હોલ પાસે ઓટોરીક્ષામાં બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એકટીવા ઉપર આવેલ એક પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) સુનીતાબહેનના હાથમાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/-, મોબાઇલ કિમત રૂપિયા ૪,૦૦૦/- તથા અગત્યન દસ્તાવેજો મુકેલ પર્સ ખેંચી ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સુનીતાબહેન ગાંધીએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૪/૧૮**

**વસ્ત્રાપુરઃ** ચંદ્રેશભાઇ સતીષજી શાહ (રહે.ઓર્ચીડ,ગોધરેજ ગાર્ડન સીટી જગતપુર) તા.૨૫/૧૦/૧૮ રાતના ૦૮/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર જજીસ બંગલા રોડ પર આવેલ દીપાલી શાહ નામના સ્ટોરની સામેથી પોતાની ફોરવ્હીલ ગાડીમાં બેસી ફોન ઉપર વાત કરતા હતા દરમ્યાન બે અજાણ્યા પુરૂષ (૧૮ વર્ષના આશરાના) એ ભેગા મળી ગાડી પાસે આવી, કહેલ કે “તમારી ગાડીના આગળ એંજીનના ભાગેથી ઓઇલ લીકેજ થાય છે” જેથી ચંદ્રેશભાઇ ગાડીમાંથી નીચે ઉતરી ચેક કરવા ગયા હતા તે દરમ્યાન ગાડીનો દરવાજો ખોલી ગાડીની પાછળની ડેકીમાંથી લેપટોપ બેગ ચોરી કરી લઇ નાસી ગયા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- તથા ચાર્જર, નોટબુક, જીઓ કંમ્પનીનુ ડોન્ગલ અને બેંક લોકરની ચાવી હતી. આ અંગેની ફરીયાદ ચંદ્રેશભાઇ શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કે.એન.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.